છેલ્લા ૮ મહિનાથી સામાન્ય સભા ન બોલાવ્યાનો આક્ષેપ

## ચાંદોદ પંચાયતમાં વહીવટ સામે ડેપ્યુટી સરપંચનું રાજીનામું

**ગ્રામજનોની** 100થી વધુ અરજીઓનો નિકાલ નહીં થતાં TDOને લેખિત રાજીનામું સુપરત કર્યું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.19
ડભોઈ તાલુકાના યાત્રાધામ ચાંદોદ ગ્રામ પંચાયતમાં વહીવટી મુદ્દે આંતરિક અસંતોષ સામે આવ્યો છે. વોર્ડ નં. 9ના સભ્ય અને ડેપ્યુટી સરપંચ ભરતભાઈ મનુભાઈ માછીએ પંચાયતના વહીવટ સામે નારાજગી વ્યક્ત કરી ડેપ્યુટી સરપંચ પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે આ અંગે ડભોઈ તાલુકા વિકાસ



અધિકારી (TDO)ને લેખિત પત્ર પાઠવી રાજીનામું સુપરત કર્યું છે.

રાજીનામા પત્રમાં ભરતભાઈ માછીએ આક્ષેપ કર્યો છે કે, છેલ્લા આઠ મહિનાથી ગામના વિકાસલક્ષી કામો તથા પંચાયતના મહત્વના પ્રશ્નો અંગે સરપંચ દ્વારા સામાન્ય સભા કે બેઠક બોલાવવામાં આવી નથી. લાંબા સમયથી બેઠક ન મળવાના કારણે પંચાયતનો વહીવટ કથળી ગયો હોવાનો તેમણે દાવો કર્યો છે. સાથે જ ગ્રામજનો દ્વારા કરવામાં આવેલી 100થી વધુ અરજીઓનો હજુ સુધી નિકાલ થયો ન હોવાનું પણ જણાવ્યું છે. વિકાસકામો અટકવા અને વહીવટી અનિયમિતતાઓને કારણે ડેપ્યુટી સરપંચ તરીકે ચાલુ રહેવું યોગ્ય ન લાગતાં રાજીનામું આપ્યું હોવાનું તેમણે પત્રમાં જણાવ્યું છે. સાથે રાજીનામું તાકીદે મંજૂર કરવા TDO સમક્ષ માંગ કરી છે.

ડેપ્યુટી સરપંચના રાજીનામાથી ચાંદોદ ગ્રામ પંચાયતનું સ્થાનિક રાજકારણ ગરમાયું છે. હવે TDO દ્વારા રાજીનામા અંગે શું નિર્ણય લેવાય છે અને પંચાયતની બેઠક તથા અટકેલા વિકાસકાર્યો અંગે શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.

## ડભોઈ એસ.ઓ.યુ રોડની ગંદકીને ઢાંકવાનો પ્રયાસની નિંદા

**એસ.ઓ.યુ.** રોડ પર કચરાના ઢગલા વચ્ચે લીલી નેટ લગાવવાની કામગીરી

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 19
ડભોઈ નગરપાલિકાને પ્રાદેશિક કમિશનર તરફથી સ્વચ્છતા અંગે અવારનવાર નોટિસ મળતી હોવાની ચર્ચા વચ્ચે નગરમાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ તરફના એસ.ઓ.યુ. માર્ગ પર 22મીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પાદરાના કાર્યક્રમ બાદ એકતા નગર જઈ શકે તેવી શક્યતાને પગલે માર્ગની ગંદકી નજરે ન પડે તે માટે લીલા રંગની નેટ લગાવવાની કામગીરી શરૂ



કરાઈ હોવાની ચર્ચા છે.

આ કામગીરી કોના આદેશથી થઈ રહી છે તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. આ માર્ગ પર જ નગરપાલિકા આવેલી હોવા છતાં ગંદકી અંગે તંત્રની કામગીરી સામે પણ પ્રશ્નો ઉઠ્યા છે. રાષ્ટ્રપતિના કાર્યક્રમ બાદ માર્ગની આસપાસ યુદ્ધના ધોરણે સફાઈ કરાવવાની માંગ ઉઠી છે. 'મારું ડભોઈ, સ્વચ્છ ડભોઈ'ના સૂત્રને સાર્થક કરવા નગરપાલિકા સાથે સામાજિક સંસ્થાઓ અને અગ્રણીઓએ પણ આગળ આવવાની જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે.

પાદરામાં આધ્યાત્મિક જાગૃતિનું નવું કેન્દ્ર

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કરશે 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ'નું લોકાર્પણ

(પ્રતિનિધિ) પાદરા, તા.19
સંસ્કારી નગરી વડોદરાના પાદરા તાલુકાના તાજપુરારોડ ખાતે આધ્યાત્મિક જાગૃતિ અને રાજયોગના પ્રસાર માટે નવું કેન્દ્ર આકાર પામ્યું છે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, અલકાપુરી સબઝોન દ્વારા નવનિર્મિત 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ' રિટ્રીટ સેન્ટરનું લોકાર્પણ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના મુખ્ય આતિથ્યમાં તા.23 સપ્ટેમ્બર, બુધવારે બપોરે 3:40 કલાકે કરવામાં આવશે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિના હસ્તે 'આધ્યાત્મિક જાગૃતિ દ્વારા વિશ્વ નવ નિર્માણ' અભિયાનનો પણ શુભારંભ કરવામાં આવશે.



કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

900 લોકોની બેઠક ક્ષમતાવાળું ઓડિટોરિયમ :- બી.કે. ડૉ. નિરંજના દીદીના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસનો મુખ્ય હેતુ સમાજના તમામ વર્ગના લોકોને ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગનું પ્રશિક્ષણ આપવાનો છે. કેન્દ્રમાં આશરે 900 લોકોની બેઠક ક્ષમતા ધરાવતું સુસજ્જ ઓડિટોરિયમ બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત 150થી વધુ લોકો રહી શકે તેવી વ્યવસ્થા સાથે ત્રિ-દિવસીય યોગ શિબિરોનું આયોજન પણ થઈ શકશે. સાધકો માટે સાત્વિક ભોજન સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સર્વ સમાજ માટે ખુલ્લું રહેશે કેન્દ્ર :- આ કેન્દ્ર કોઈ એક જ્ઞાતિ, ધર્મ કે સંપ્રદાય પૂરતું મર્યાદિત નહીં રહે. વિવિધ ધર્મ, જ્ઞાતિ અને માન્યતાઓ ધરાવતા લોકો અહીં આધ્યાત્મિક જ્ઞાન તથા રાજયોગનો લાભ લઈ શકશે. કેન્દ્રમાં સવારે અને સાંજે સામાન્ય લોકો માટે આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગના કાર્યક્રમો યોજાશે.

## બોડેલી તાલુકાના નાની વાંટ ગામે મોડી રાત્રે મકાનમાં આગ

**ઘરવખરી** સહિતનો સામાન બળીને ખાખ, ભેંસ પણ ગંભીર રીતે દાઝી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 19
બોડેલી તાલુકાના ચલામલી નજીક આવેલા નાની વાંટ ગામે ગત રાત્રે આશરે બે વાગ્યાના સુમારે એક મકાનમાં અચાનક આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. મેહુલભાઈ લક્ષ્મણભાઈના ઘરમાં મોડી રાત્રે રહસ્યમય સંજોગોમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.

રાત્રિના ગાઢ અંધકારમાં આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને પરિવારના સભ્યો તાત્કાલિક ઘરની બહાર દોડી આવ્યા હતા.આગ એટલી વિકરાળ હતી કે ઘરની અંદર રાખવામાં આવેલી ઘરવખરી



અને રોજિંદા જીવન માટેની અનેક જરૂરી ચીજવસ્તુઓ આગની લપેટમાં આવી જતાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. જેમાં લાકડાનું કબાટ, બે સાયકલ, પલંગ, અનાજ-કરિયાણું, રાંધવાના વાસણો સહિતનો ઘરવપરાશનો સામાન બળી ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ આગની ઘટનામાં પરિવારને અંદાજે રૂ. 3થી 4 લાખનું આર્થિક નુકસાન થયું હોવાનું અનુમાન છે. દરમિયાન ઘરની નજીક બાંધવામાં આવેલી એક ભેંસ પણ આગની ઝપેટમાં આવી જતાં ગંભીર રીતે દાઝી ગઈ હતી.

## ડભોઈ સેવાસદન ખાતે ગણેશ વિસર્જનને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 19
ડભોઈ તાલુકા સેવાસદન ના કોન્ફરન્સ હોલ ખાતે ગણેશ વિસર્જન મહોત્સવ પૂર્વે ધારાસભ્ય ના અધ્યક્ષ સ્થાને પોલીસ ધ્વારા ગણેશ મંડળો આયોજકો સાથે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ધ્વારા શાંતિ અને સલામતી સાથે આગામી ગણેશ વિસર્જન ઉજવવા સૌને અપીલ કરાઈ હતી. આ બેઠક દરમિયાન ડભોઈ પી.આઈ.કે.ટી. પટેલે આગામી ગણેશ વિસર્જન મહોત્સવ શાંતિ,સુરક્ષા અને સલામતી સાથે આયોજકોને અપીલ કરવામાં આવી હતી.અને ડી. જે.ના પ્રમાણ કરતા વધારે મોટા આવાજ હશે તો તેની સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે. તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્રને જરૂરી સહયોગ આપવા જણાવાયું હતું.

## સંખેડાના આંબલી ફળિયામાં ગણેશ મહોત્સવ: મહાભારત થીમ પર સજાવટ આકર્ષણનું કેન્દ્ર

(પ્રતિનિધિ) સંખેડા, તા. 19
સંખેડા ગામના આંબલી ફળિયા ખાતે આ વર્ષે ગણેશજીની ભવ્ય પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. અહીં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ થીમ આધારિત ડેકોરેશન કરવામાં આવ્યું છે, જે ભક્તોમાં ભારે આકર્ષણ જમાવી રહ્યું છે.

પંડાલમાં વચ્ચે બિરાજમાન સુંદર ગણેશજીની પ્રતિમા પાછળ મહાભારતના પ્રસંગને આબેહૂબ રજૂ કરવામાં આવ્યો છે. ઉપર ભગવાન શ્રીકૃષ્ણ વિરાટ સ્વરૂપમાં બિરાજમાન છે અને નીચે સાત સફેદ ઘોડા વાળો અર્જુનનો રથ દર્શાવવામાં આવ્યો છે. પિતામહ ભીષ્મ હાથમાં ઢાલ અને લાકડી સાથે ઉભેલા દેખાય છે, તેમની નીચે દ્રોણાચાર્ય જેવા પાત્ર છે.



ગદાધારી ભીમ અને તેની બાજુમાં ધનુર્ધારી અર્જુન સહિતના પાંડવોના કટ-આઉટ લગાવવામાં આવ્યા છે. અલસોનેરી વસ્ત્રોમાં કૌરવોના પાત્રો ઉભા રાખવામાં આવ્યા છે. મુખ્ય ગણેશજીની પ્રતિમા લાલ વસ્ત્રોમાં શોભાયમાન છે, તેમની બાજુમાં રિદ્ધિ-સિદ્ધિની નાની પ્રતિમાઓ પણ છે.

આ મહાભારત થીમ વાળા ડેકોરેશનને કારણે આંબલી ફળિયાનો ગણેશ પંડાલ સંખેડામાં ચર્ચાનો વિષય બન્યો છે. દર્શન માટે સાંજના સમયે ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે.

## વિદેશી દારૂની હેરાફેરીના કેસમાં બે આરોપીઓની જામીન અરજી ફગાવાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 19
પાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિદેશી દારૂની હેરાફેરીના કેસમાં પાદરા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતે બે આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી છે. અદાલતે ગુનાની ગંભીરતા, આરોપીઓની કથિત સંડોવણી અને પોલીસ તપાસની સ્થિતિ સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને આ હુકમ કર્યો હતો. આ કેસમાં રણુ ગામે મસ્જિદ પાસે રહેતા સોહેલ શબ્બીરભાઈ મલેક (ઉ.વ.32) એ CRMA No.252/2026 હેઠળ અને શબ્બીર ઉર્ફે શબો હસનભાઈ મલેક (ઉ.વ.47)એ CRMA No.253/2026 હેઠળ જામીન અરજી કરી હતી. આરોપી તરફથી એડવોકેટ એમ.એન.બેલીએ દલીલો કરી હતી. ફરિયાદપક્ષ તરફથી વિશેષ સરકારી વકીલ (APP) એચ.એ.પ્રજાપતિએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

## સાવલી KJITમાં હર્ષ સંઘવીએ યુવાનો સાથે રમતો રમી ઉત્સાહ વધાર્યો



**રમતગમતથી** ટીમ સ્પિરિટ અને નેતૃત્વના ગુણો વિકસે છે: હર્ષ સંઘવી

(પ્રતિનિધિ) સાવલી, તા. 19
'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત સાવલી સ્થિત કે.જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (KJIT) કોલેજ કેમ્પસ ખાતે આજે સવારે ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કોલેજના રમતગમત મેદાનમાં યુવાનો અને વિદ્યાર્થીઓ સાથે ફૂટબોલ, હેન્ડબોલ તથા રસાખેંચ સહિતની વિવિધ રમતોમાં ભાગ લઈ તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

યુવાનો સાથે મેદાનમાં ઊતરીને રમતગમતમાં ભાગ લેતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રમતગમત માત્ર શારીરિક તંદુરસ્તી પૂરતી સીમિત નથી. તે યુવાનોમાં ટીમ સ્પિરિટ, સંઘર્ષ સામે લડવાની ક્ષમતા અને નેતૃત્વના ગુણો વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## ડભોઈ તિલકવાડા માર્ગ પર આવેલ ચણવાડા બ્રિજ પાસે ડાયવર્જનથી અકસ્માતનો ભય

**ચણવાડા** પાસે ઓરસંગ બ્રિજ પર ડાયવર્જન છતાં સાવચેતીના બોર્ડ-રેડિયમ ચિહ્નોનો અભાવ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.19
ડભોઈ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા માર્ગ પર ચણવાડા ગામ પાસે ઓરસંગ નદી નો જૂનો બ્રિજ બંધ કરી નવા બ્રિજ પર થી વાહનો ની અવર જવર થઈ રહી છે. જેના માટે બ્રિજ ના બંને છેડે સો મીટર દૂર થી ડાયવર્જન આપ્યું છે. પરંતુ ડાયવર્જન માટે સાવચેતી નો બોર્ડ કે કોઈ સિગ્નલ આપેલ ના હોય વાહન ચાલકો માટે જોખમી બની જવા પામ્યું છે.



પાછલા ઘણા સમય થી ડભોઈ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા માર્ગ પર ચણવાડા ગામ પાસે ઓરસંગ નદીના બ્રીજ પર ડાયવર્જન આપવામાં આવ્યું છે. જેથી ડબલ લાઈન ના માર્ગ પર વાહનો સામસામે ચાલી રહ્યા છે. પરંતુ બ્રિજ ના બંને છેડે ડાયવર્જન હોવા છતાં અકસ્માત નિવારણ ની સાવચેતી માટે કોઈ બોર્ડ કે રેડિયમ ચિન્હો આપેલા નથી. જેના કારણે સામસામે ચાલતા વાહનો વચ્ચે અથવા તો ડાયવર્જન થી જુના રસ્તે ચાલી પડતા ચાલકો મોત ના મુખ માં ધકેલાય તો નવાઈ નહીં.લાંબા સમય થી બ્રિજ ના અકોટી બાજુ ના છેડે પોલીસ ના બેરિકેટ મુકાયા છે. જ્યારે ડભોઈ બાજુ ના છેડે વરસાદી કાંસ ના રસ્તે ડાયવર્જન અપાયું છે.છાશવારે ગંભીર અકસ્માતો થતા હોવા છતાં માર્ગ અને મકાન વિભાગ સુપર વિઝન માં પોતાની બેદરકારી અને ખામી સુધારતું નથી.

## ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી ગુંજ્યું શિનોર

**આરતી-પૂજા** અને દર્શન માટે ભક્તોની ભીડ

(પ્રતિનિધિ) શિનોર, તા. 19
ગણેશ મહોત્સવને લઈને શિનોર નગરમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. નગરના વિવિધ વિસ્તારોમાં ગણેશ મંડળો દ્વારા ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. શિનોર બસ સ્ટેન્ડ યુવા ગ્રુપ, રાણાવાસ યુવક મંડળ ગ્રુપ, ચોકસી બજાર યંગ ગ્રુપ, રામજી મંદિર યુવા ગ્રુપ, માછીવાડ યુવા ગ્રુપ, શિનોર પોલીસ, અઢી ભાગ યુવા ગ્રુપ, બજરંગી યુવા ગ્રુપ સહિતના વિવિધ ગણેશ મંડળો દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે.

જોરભાઈના ફળિયા, અઢી ભાગ, વૈદ્ય ફળિયા, શિનોર પોલીસ



લાઈન, નવી કોલોની, માછીવાડ, ચોકસી બજાર, અંબે માતાના મંદિર તેમજ શિનોર બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં ગણેશજીની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. ગણેશજીની સ્થાપના બાદ વિવિધ વિસ્તારોમાં સજાવટ અને રોશનીથી આકર્ષણ જમાવવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવ દરમિયાન ભક્તો દ્વારા ગણપતિ બાપાના દર્શન કરી આરતી અને પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે.

## નસવાડી પશુ ચિકિત્સા કેન્દ્રની 20 વર્ષ જૂની એમ્બ્યુલન્સ કંડમ હાલતમાં

**પશુઓની** સારવાર માટે ગામડે પહોંચવાની સુવિધા ખોરવાઈ, નવી એમ્બ્યુલન્સ આપવાની માંગ

(પ્રતિનિધિ) નસવાડી, તા.19
છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં પશુપાલકો માટે મહત્વની પશુ સારવારની સુવિધા સામે પ્રશ્નો ઊભા થયા છે. નસવાડી તાલુકામાં 212 ગામો આવેલા છે અને તાલુકા મથક નસવાડી ખાતે પશુ ચિકિત્સા કેન્દ્ર કાર્યરત છે.

આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના પશુપાલકોને પશુ બીમાર પડે ત્યારે પશુને દવાખાને લાવવાની ફરજ ન પડે અને



તબીબો ગામડે જઈને પશુની સારવાર કરી શકે તે હેતુથી સરકાર દ્વારા નસવાડી પશુ ચિકિત્સા કેન્દ્રને એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી હતી.

પરંતુ આ એમ્બ્યુલન્સને આશરે 20 વર્ષ જેટલો સમય થઈ ગયો હોવાનું જણાવાઈ રહ્યું છે અને હાલ તે કંડમ હાલતમાં હોવાનું સામે આવ્યું છે. જેના કારણે પશુઓની સારવાર માટે તાત્કાલિક ગામડે પહોંચવાની સુવિધા અસરગ્રસ્ત બની છે.

બીજી તરફ સરકાર દ્વારા ફરતા પશુ દવાખાનાની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ નસવાડી તાલુકાના કેટલાક અંતરિયાળ ગામોમાં આ સેવા સમયસર પહોંચી શકતી ન હોવાની ફરિયાદો છે. આવી સ્થિતિમાં કોઈ પશુ બીમાર પડે ત્યારે પશુ માલિકને પશુને લઈને નસવાડી ખાતે આવેલા પશુ ચિકિત્સા કેન્દ્ર સુધી આવવાની ફરજ પડે છે. ખાસ કરીને અંતરિયાળ ગામડાઓના પશુપાલકો માટે પશુને વાહનમાં બેસાડીને નસવાડી સુધી લાવવાનો વધારાનો ખર્ચ અને સમય બંનેનો બોજ પડે છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક LED**
રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત વેચવાની છે

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**પ્લોટ વેચવાનો છે**
117 વાર સરળ હપ્તેથી વેસુ. Mo.9825109400

**2 BHK ફ્લેટ**
વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979 (323)

**વેચાવાના છે**
4850 વારનો પ્લોટ જહાંગીરપુરા-દાંડી રોડ પાસે, ડામર રોડ ટચ, નવા કોસ્ટલ હાઈવે પાસે, ફ્રી હોલ્ડ પ્લોટ, પ્લોટમાં કંઈપણ બાંધકામ કરી શકો, સુડા અને કોર્પોરેશન લિમિટની બહાર કુડીયાણા ગામ પાસે, M. :9898076797

**સુઝાના રેસીડેન્સી**
બરબોધનમાં બંગલો વેચવાનો છે. સાઈઝ 28 x 40 મો. કૈઝારભાઈ 9277907681 (322)

**વેચાવાના છે**
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો, નવા પ્રોજેક્ટમાં 42 ફૂટ x 125 ફૂટના (584 વારના) NA પ્લાન પાસ, કમ્પાઉન્ડ વોલ, રોડ, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ વગેરે સુવિધાઓ કરીને, ૦૮ મહિનાના સરળ હપ્તેથી પલસાણા બારડોલી હાઈવે રોડ પાસે. M. :9898076797

**પ્લોટ વેચવાનો છે**
કીમ કુરસદ, નેશનલ હાઈવે 8 થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550-વાર, 9427811344, 9879913894

**પચાસ હજાર ભાડાની**
રેગ્યુલર ઈન્કમવાળી દુકાન પરશુરામ ગાર્ડન સામે વેચવાની 9157622115

**વાડી વેચવાની છે**
37 ગુંઠા જુની શરત દંડેશ્વર ખેરગામ, નવસારી 7043629982

મિલ્કત ભાડે -વેચાણ

**પ્લોટ- શેડ**
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

**ભાડે / વેચાણથી**
મજુરાગેટ રીંગરોડ ટચ ગ્રા ફલોર નાની દુકાન ભાડે /વેચાણથી 9825120209 (321)

વાહન લે-વેચ

**કંપનીની સાદી,**
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

**જુના બંધ એસી**
જુના બંધ 2 વ્હીલર 4 વ્હીલર માટે સંપર્ક કરજો Mo. 9316100413 Mo. 6358258722

**જુના બંધ હાલતમાં**
2-વ્હીલર, 4-વ્હીલર, દરેક AC વેચવા માટે સંપર્ક કરો- 9427178600

નોકરી વિષયક

**જોઈએ**
ઈન્ટરનેશનલ કુરિયરના પેકેજીંગ અને પીકઅપ માટે છોકરાઓ. એરીયા કતારગામ. 7623999299.

**જોઈએ છે.**
મહેનતું/ પરચુરણ કામ. પગાર. 10000/ 12000. વિનોદ રેડિયો. 9374711161.

**જોઈએ છે**
VMC મશીનના Fanuc કંટ્રોલના પ્રોગ્રામર કમ ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે. કતારગામ GIDC mob.9825304506 9825651072

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**Dinesh Tours N Travels**
નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**ઓમશિવ ટ્રાવેલ્સ**
26- સપ્ટેમ્બર, અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલીંગ, પંઢરપુર, કોલ્હાપુર. 16થી 23 મુંબઈ લાલબાગ ગણપતિ, સિધ્ધિવિનાયક, દિવાળી પ્રવાસો (દક્ષિણ ભારત)(જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર) (હરીદ્વાર, મથુરા, વૃન્દાવન, બરસાણા) ખરવરશેરી, ભાગળ, સુરત. 9537838949, 9327199997

**ઉજ્જૈન ઓમકારેશ્વર**
2 - દિવસ 25 સપ્ટેમ્બર, ગોવા 6 દિવસ 9, 11, 17 નવેમ્બર, લાલબાગ રાજા જયેશ ભટ્ટ 9909888622

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*